# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-04-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1) ડિસાની ફેક્ટરીમાં સર્જાયેલી દુર્ઘટનાની સઘન તપાસ કરવા રાજ્ય સરકારે ચાર સભ્યોની વિશેષ સમિતી રચી
2) ખેડૂતો પાસેથી ટેકાના ભાવે તુવેરની ખરીદીની મુદત લંબાવીને ૩૦ એપ્રિલ કરાઇ
3) કંડલા પોર્ટ વર્ષ 2024-25માં માલસામાનની હેરફેરમાં દેશમાં પ્રથમ ક્રમે
4) આગામી 7 દિવસ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં હીટવેવની આગાહી
5) IPLમાં આજે ગુજરાત ટાઈટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે રમાશે

------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# UPDATED DEESA FACTORY

બનાસકાંઠાના ડિસામાં ફટાકડાની ફેક્ટરીમાં સર્જાયેલી દુર્ઘટનાની સઘન તપાસ કરવા રાજ્ય સરકારે મહેસુલ વિભાગના સચિવ ભાવિન પંડ્યાની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાની ચાર સભ્યોની ખાસ તપાસ સમિતિ - SITની રચના કરવાનો નિર્ણય કર્યો છે. આ સમિતિ સમગ્ર બનાવની તપાસ કરીને 15 દિવસમાં સરકારને અહેવાલ રજૂ કરશે.

દરમિયાન, આજે ગાંધીનગરમાં મંત્રીમંડળની બેઠકનાં નિર્ણયો અંગે પત્રકારોને માહિતી આપતા રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, FSL સહિતની એજન્સીના અહેવાલો આવ્યા બાદ દોષિતો સામે ગંભીર કલમો લગાવીને કડક પગલા ભરવામાં આવશે.

(BYTE - RUSHIKESH PATEL, FSL)

શ્રી પટેલે જણાવ્યું કે, રાજકોટ ગેમ ઝોન દુર્ઘટના સહિતની ઘટનાઓમાં પણ SIT દ્વારા તપાસ ચાલી રહી છે.

દરમિયાન, ડીસાની ફટાકડા ફેક્ટરીના માલિકની ગઈ કાલે ધરપકડ કરાયા બાદ પોલિસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રસ્તુત છે અમારા પ્રતિનિધીનો અહેવાલ.....

(voice cast - Savji Chaudhary,PTC)

. . . . . . . . . . .

# KUTCH ALERT FOR MISHAPS

બનાસકાંઠાના ડિસામાં ગઈકાલે ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટની ઘટના બાદ કચ્છના વહીવટી તંત્રએ તકેદારીના પગલાં લીધા છે. જિલ્લા કલેક્ટર આનંદ પટેલે તમામ પ્રાંત અધિકારીઓને સ્થાનિકે ટીમો બનાવી ફટાકડાની ફેક્ટરીઓની તપાસ કરવા અને સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન થતું હોય કે ગેરકાયદેસરની પ્રવૃત્તિ થતી હોય તો કાર્યવાહી કરવા માટે આદેશ આપ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છમાં છેલ્લા એક અઠવાડિયામાં જ આગની પાંચથી વધુ નોંધપાત્ર ઘટનાઓ બની ચુકી છે.

. . . . . . . . . . .

## Rishikesh Patel ON Ratna kalakar

વેતન વધારો તથા રત્નકલાકાર કલ્યાણ બોર્ડની રચના સહિતનાં મુદ્દે રત્ન કલાકારો દ્વારા હડતાળ ચાલી રહી છે. રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, રત્ન કલાકારોની ચાલી રહેલી હડતાળ બાબતે સરકાર ગંભીર છે અને તેમનાં પ્રશ્નોને વાચા આપવા સરકાર હકારાત્મક અભિગમ અપનાવશે.

(byte - Rishikesh Patel, Ratna kalakar)

. . . . . . . . . . .

# Gandhinagar Survey for Fire

રાજકોટમાં ગેમઝોન દુર્ઘટના બાદ ગાંધીનગર મહાનગરપાલિકાએ પોતાના વિસ્તારમાં આવતા એકમોનો સર્વે હાથ ધરીને 27 જોખમી એકમોની યાદી તૈયાર કરી છે.

આ એકમોનો ભોંયરામાં કિચન, ગોડાઉન, ક્લાસિસ, શોપિંગ મોલ માટે વાણિજ્યિક ઉપયોગ થાય છે. આ સ્થળોએ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવા છતાં, આકસ્મિક સ્થિતિમાં બહાર નીકળવાની પૂરતી વ્યવસ્થા નથી.

આવા એકમો સામે મહાનગરપાલિકા આગામી દિવસોમાં સીલિંગથી લઈને ડિમોલિશન સુધીનાં પગલાં લેશે.

. . . . . . . . . . .

# TUVER MSP PURCHASE

રાજ્ય સરકારે ટેકાના ભાવે તુવેરની ખરીદીનો સમય લંબાવીને 30 એપ્રિલ સુધી કર્યો છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, રાજ્યમાં ચાલુ વર્ષે તુવેર પાકનું મબલખ વાવેતર અને ઉત્પાદન નોંધાયું છે. કેન્દ્ર સરકારે તુવેર માટે પ્રતિ ક્વિન્ટલ સાત હજાર 550 રૂપિયા ટેકાનો ભાવ જાહેર કર્યો છે. ટેકાનો ભાવ સારો મળતા રાજ્યના એક લાખ 23 હજારથી વધુ ખેડૂતોએ તુવેરનું  વેચાણ કરવા માટે નોંધણી કરાવી હતી.

. . . . . . . . . . .

# Dahej Work Progess - CM

ભરુચ-દહેજ રોડ પર ભોલાવ જંકશનથી શ્રાવણ જંકશન સુધીનો ૩.૪૦ કિ.મી. લાંબો છ લેન એલિવેટેડ કોરિડોર અંદાજે ૪૪૦ કરોડ રૂપિયાનાં ખર્ચે આકાર પામી રહ્યો છે. આ જ માર્ગ પર માનુબાર જંકશનથી દહેજ સુધી ૩૪.40 કિ.મી.નો એકસેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસ-વે અંદાજે ૯૭૨ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણાધિન છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ભરૂચ-દહેજ રોડ પર 1 હજાર 412 કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્માણાધિન માળખાકીય કામોની સમીક્ષા કરી હતી.

. . . . . . . . . . .

# Sabar Dairy

સાબર ડેરીના અરવલ્લીના બાયડ શીતકેન્દ્ર ખાતે 300 કિલોવૉટ ક્ષમતાના સોલર ઉર્જા ઉત્પાદન પ્લાન્ટનું લોકાર્પણ સાબર ડેરી અને અમુલ ફેડરેશનના ચેરમેન શામળભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું. આ પ્લાન્ટથી દૈનિક 1200 વીજ યુનિટનું ઉત્પાદન થશે, જેના લીધે વીજ બિલના ખર્ચમાં 40થી 50 ટકાની બચત થશે. સાબર ડેરી દ્વારા પ્રતિ દિન અંદાજીત 10 હજાર એકમ સૌર ઉર્જા ઉત્પાદનનો લક્ષ્ય છે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# KANDLA PORT RECORD HANDLING

કંડલા બંદર તરીકે જાણીતા દીનદયાળ પોર્ટ ઓથોરિટીએ નાણાકીય વર્ષ 2024-25માં 150 મિલિયન મેટ્રિક ટન માલસામાનની હેરફેર કરીને પારાદીપ પોર્ટને પાછળ મૂકીને દેશનું પ્રથમ મહાબંદર બનવાની સિધ્ધિ પ્રાપ્ત કરી છે. ભારતના અગ્રણી દરિયાઈ પ્રવેશદ્વાર એવા કંડલા બંદર તેના ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી વધુ કાર્ગો હેન્ડલિંગ વોલ્યુમ પ્રાપ્ત કર્યું છે.

પોર્ટ ઓથોરિટી દ્વારા ઉજવણીના ભાગ રૂપે પોર્ટનાં અંદાજે સાડા ચાર હજાર કામદારોને ફુડ કીટ અને દૈનિક ઉપયોગની વસ્તુઓ આવશ્યક ચીજો પૂરી પાડવામાં આવી હતી.

. . . . . . . . . . .

# THARAD ACCIDENT

બનાસકાંઠાના થરાદ નજીક આવેલ દેવપુરા ગામ પાસે નર્મદા મુખ્ય કેનાલમાં કાર ખાબકતાં ત્રણ બાળકો અને એક પુરુષના મોત થયા છે. નગરપાલિકા અને ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે તાત્કાલિક કાર્યવાહી કરીને લાશોને કેનલમાંથી બહાર કાઢી છે.

છેલ્લાં અહેવાલ પ્રમાણે એક મહિલાની શોધખોળ કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . .

# WEATHER - STATE

હવામાન વિભાગે આજથી આગામી 7 દિવસ સુધી રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં હીટવેવની આગાહી કરી છે. છેલ્લા 24 કલાકમાં સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન 42.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્યમાં ધીમેધીમે સરેરાશ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે, તેમ હવામાન વિભાગના નિયામક એ.કે.દાસે જણાવ્યું હતું.

(BYTE-A.K.DAS)

આગામી પાંચ દિવસ દરમિયાન રાજકોટમાં મહત્તમ તાપમાન ૪૨થી ૪૩ ડિગ્રી સેલ્સિયસ રહેવાની આગાહી હોવાથી જિલ્લા વહીવટીતંત્રએ લોકોને ગરમીથી બચવા સાવધાની રાખવા સૂચના આપી

છે. રાજકોટમાં વર્ષ ૨૦૧૭માં એપ્રિલમાં મહત્તમ ૪૪.૮ અને ૨૦૧૯માં ૪૪.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

તો બીજી તરફ ડાંગ જિલ્લામાં આજે સવારથી વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. બપોર બાદ જિલ્લાના ચિંચલી પૂર્વ પટ્ટીમાં ધોધમાર વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

. . . . . . . . . . .

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ-IPLમાં ગુજરાત ટાઈટન્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ સામે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો છે. બેંગ્લોરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાનારી આ મૅચ સાડા સાત વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . .

# TRAIN – BHAVNAGAR-HAIDRABAD-SIKANDRABAD

ભાવનગર ટર્મિનસથી હૈદરાબાદ સુધી સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન 4 એપ્રિલથી પહેલી જૂન સુધી દર રવિવારે ચલાવશે. આ ટ્રેન ભાવનગર ટર્મિનસ થી દર રવિવારે સવારે સવા દસે ઉપડશે અને સોમવારે બપોરે પોણા પાંચ વાગ્યે હૈદરાબાદ પહોંચશે. એજ રીતે

હૈદરાબાદ- ભાવનગર ટ્રેન હૈદરાબાદ થી દર શુક્રવારે સાંજે 7 વાગે ઉપડશે અને રવિવારે સવારે 5.55 મિનિટે ભાવનગર પહોંચશે.

આ ઉપરાંત  સિકંદરાબાદ ડિવિઝન પર નોન-ઇન્ટરલોકિંગ કાર્ય માટે લેવાયેલા બ્લોકને કારણે અમદાવાદ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોને અસર થશે. જેથી  ૨૫ મેના રોજ ગાંધીધામ-વિશાખાપટ્ટનમ એક્સપ્રેસ અને ૨૨ મેના રોજ વિશાખાપટ્ટનમ-ગાંધીધામ એક્સપ્રેસ રદ રહેશે. ૨૮ મેના રોજ ઓખા-પુરી એક્સપ્રેસ અને  ૨૫ મેના રોજ પુરી-ઓખા એક્સપ્રેસ રદ રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

. . . . . . . . . . .

# AHD-PRAKRUTIK MARKET

અમદાવાદમાં  આવતીકાલથી  4 દિવસ માટે પ્રાકૃતિક ખેડૂત હાટ યોજાશે, જેમાં ઓર્ગેનિક ઉત્પાદનો જેવા કે ઘઉં, ચોખા, મસાલા અને અન્ય ખાદ્ય સામગ્રીઓ ઉપલબ્ધ રહેશે. આ ઉત્પાદનો માન્ય ખેડૂતો પાસેથી સીધા ખરીદી શકાશે.

આ મેળો સવારે 11 વાગ્યાથી રાત્રે 9 વાગ્યા સુધી સૃષ્ટિ પરિસરમાં, એ.ઈ.એસ. બોયઝ હોસ્ટેલ કેમ્પસમાં, ગુજરાત યુનિવર્સિટી પાસે  યોજાશે.

. . . . . . . . . . .